ક્રમાંકઃ જીઆઇડીસી/વ.ક/પ્રિ-વિતરણ/૯
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૯ /૦૬/૨૦૨૦

**વિષયઃ- નિગમ ધ્વારા ૩૦૦૦ ચો.મી. સુધીના ઔદ્યોગિક હેતુ માટેના પ્લોટ/શેડ ફાળવણી માટે મળતી તમામ અરજીઓને સ્ક્રિનિંગ સમિતિ સમક્ષ મૂકયા વગર ફાળવણીની મંજૂરી આપવા બાબત.**

// પરિપત્ર //

નિગમને પ્લોટ ફાળવણી માટે મળતી ઓફલાઇન અરજી સંદર્ભે અરજી ફોર્મ વધુ માહિતી સભર બની રહે તે સારૂ પ્રવર્તમાન ફોર્મમાં અને મેળવવાની માહિતીમાં સુધારા લાવવાની બાબત તેમજ પડતર અરજીઓના અગ્રતાક્રમ માટે જાળવવામાં આવતાં અરજી રજીસ્ટર (એ-રજીસ્ટર) ના વિકલ્પે નિગમના તા.૩૧/૦૫/૨૦૦૮ના પરિપત્ર મુજબ ઓનલાઇન કોમ્પ્યુટર રજીસ્ટર સિસ્ટમ વિકસાવવામાં આવેલ તથા ઓનલાઇન એપ્લિકેશન રજીસ્ટર સિસ્ટમમાં નોંધાયેલ ન હોય તેવી અરજીઓને ફાળવણી માટે રદ્દ ગણવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ. નિગમને મળતી ઉપલબ્ધ પ્લોટની સરખામણીમાં ખૂબજ વધારે પ્રમાણમાં પ્લોટ ફાળવણી માટેની મળતી અરજી સંદર્ભે નિગમ ધ્વારા તા.૨૩/૦૫/૨૦૧૨ અને તા.૧૧/૦૬/૨૦૧૫ ની નીતિ મુજબ મળેલ ઓનલાઇન અરજી તથા ક્ષેત્રિય કેચરીએ અરજી સંદર્ભે મળતાં દસ્તાવેજી પૂરાવાઓની ચકાસણી કરી ઓનલાઇન અરજી કન્ફર્મ કરવાની તથા મળેલ અરજીઓને ચકાસણી કરી ચેકલીસ્ટ બનાવી ભલામણસહ નીચે જણાવેલ સ્ક્રીનિંગ સમિતિ સમક્ષ પ્લોટ ફાળવણીની મંજૂરી અર્થે રજૂ કરવામાં આવે છેઃ-

(૧) માન. ઉપા. અને વ.સં.શ્રી ધ્વારા નિયુકત કરેલ નિષ્ણાંત.
(૨) મુખ્ય ઇજનેરશ્રી, જીઆઇડીસી
(૩) કાર્યપાલક નિયામકશ્રી, જીઆઇડીસી
(૪) જનરલ મેનેજરશ્રી (માર્કેટીંગ), જીઆઇડીસી
(૫) જે તે ક્ષેત્રિય કચેરીના વિભાગીય પ્રબંધકશ્રી (મેમ્બર સેક્રેટરી તરીકે)
(૬) જીપીસીબી ધ્વારા નિયુકત કરેલ નિષ્ણાંત.
(૭) જે તે ક્ષેત્રિય કચેરીના પ્રાદેશિક મેનેજરશ્રી (એસોસિએટ મેમ્બર સેક્રેટરી તરીકે)

ઉપરોકત નીતિ અનુસાર અરજદાર ધ્વારા ઓનલાઇન અરજી કર્યેથી નિગમની વડી કચેરી ખાતે સ્ક્રીનિંગ સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશન માટે રૂબરૂ બોલાવવામાં આવે છે તેમજ સમિતિ ધ્વારા મંજૂરી મળ્યેથી પ્લોટની ફાળવણી કરવામાં આવે છે.

તાજેતરમાં કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજય સરકારના નાણાં વિભાગના તા.૦૫/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ અપબ/૧૦૨૦૨૦/૧૦૮

/૧૯૫૨૨૪/ક થી જારી થયેલ સૂચનાઓ અંતર્ગત નિગમને સંબંધિત ક્રમ-૧૩ ની યોજના અર્થે હવેથી નીચે જણાવેલ નીતિ અમલમાં રહેશે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે સારૂ નિગમને ૩૦૦૦ ચો.મી.સુધીના ઔદ્યોગિક હેતુ માટેના પ્લોટ/શેડ ફાળવણી માટે મળતી તમામ ઓનલાઇન અરજીઓને સ્ક્રિનિંગ સમિતિ સમક્ષ મૂકયા વગર ઓનલાઈન પોર્ટલ મારફત રજૂ કરાયેલ આ મુજબના દસ્તાવેજી પૂરાવાઓ ચકાસવાના રહેશે.

(૧) સૂચિત ઉદ્યોગનો વિસ્તૃત પ્રોજેકટ રીપોર્ટ, (૨) પ્રોસેસ ફલો ચાર્ટ(મશીનરી અને કાચામાલ સહીત), (૩) માંગેલ જમીન ઉપર સૂચિત બાંધકામની વિગતો(લે આઉટ), (૪) સૂચિત નાણાંકીય રોકાણ, (૫) સૂચિત રોજગારી, (૬) અરજદારના સૂચિત ઉદ્યોગ કરવા અંગેના અનુભવની વિગતો (જો હોય તો) (૭) આ ઉપરાંત ઉદ્યોગ કરવા અંગે અરજદારના અન્ય કોઈ વિશેષતાઓ (જો તેણે દર્શાવી હોય તો) વિગેરે સહિત નિગમની હયાત નીતિ અનુસાર ફાળવણી અંગેના સમયાંતરે જારી થયેલ પરિપત્રોની સૂચનાઓ મુજબની વિગતો ચકાસવાની રહેશે.

ઉક્ત દસ્તાવેજી પૂરાવાઓ સહિતના તમામ પાસાંઓની ચકાસણી સંબંધિત ક્ષેત્રિય કચેરી ધ્વારા અરજદાર તરફથી તમામ પ્રકારની પૂર્તતા ઓનલાઈન પૂર્ણ કર્યાના તારીખથી કચેરીકાર્યના મહત્તમ ૧૫ (પંદર) દિવસ સુધીમા ચકાસણી કરી મળેલ તમામ અરજીઓને અલાયદી ફાઇલો સહ ક્ષેત્રિય કચેરીની સ્પષ્ટ ભલામણોસહ વડી કચેરીએ પ્રિ-વિતરણ શાખાને સાદર રજૂ કરવાની રહેશે.

વડી કચેરીએ મળતી તમામ દરખાસ્તને ગુણદોષના આધારે ચકાસણી કરી મંજૂર કરવાની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે. સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ .... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો.... તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...તરફ નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર